# પુરુષાર્થ એ જ પારસમણિ

– અનંત વ્યાસ



સકડાલ નામનો એક કુંભાર હતો.

સકડાલ અને તેના પરિવારના સભ્યો માટીનાં વાસણ બનાવીને વેચે અને તેનાથી તેમનું ગુજરાન ચાલે. પરંતુ સકડાલ સંપૂર્ણ ભાગ્યવાદી હતો. તે એમ જ માનતો કે માણસમાત્ર ભાગ્યને અધીન છે. માણસના ભાગ્યમાં લખાયું હોય એટલું જ તેને મળે ન ઓછું કે ન વધુ.

સકડાલના મનમાં આ માન્યતા એટલી તો દૃઢ થઈ ગઈ હતી કે તે વાસણ ઘડવામાં અને તેને વેચવામાં ઝાઝી મહેનત પણ ન કરતો. પરિણામે જે કાંઈ વેચાણ થાય તેમાં તેના કુટુંબનું માંડ પોષણ થતું. અરે, ક્યારેક તો ટંક છોડવો પણ પડતો. છતાંય સકડાલ તો એમ જ માનતો કે બધો ભાગ્યનો ખેલ છે. આજે નસીબમાં એક ટંક ભૂખ્યા રહેવાનું લખ્યું હશે !

એક દિવસ ભગવાન મહાવીર વિહાર કરતાં કરતાં સકડાલના ઘરે આવી પહોંચ્યા અને ત્યાં જ રોકાણ કર્યું.

મહાવીર સ્વામીએ સકડાલની દિનચર્યા જોઈ, વાતવાતમાં તેના મનના વિચારો જાણ્યા. તેમણે જોયું કે સકડાલ સશક્ત છે. વળી માટીનાં વાસણ ઘડવાના હુન્નરમાં પણ નિષ્ણાત છે. તેનાં જેવાં સફાઈદાર, મજબૂત અને આકર્ષક ઘાટઘૂટવાળાં વાસણ બહુ ઓછા કુંભાર ઘડી શકતા. પણ સકડાલ અને તેનું કુટુંબ ભાગ્યવાદી હતું. ભાગ્યમાં લખાયું હશે તેનાથી વધારે કશું મળવાનું નથી, એવી મજબૂત માન્યતાને કારણે તે વધુ મહેનત જ ન કરતો. પરિણામે શરીરે સશક્ત અને કુશળ કારીગર હોવા છતાંય તેને વારંવાર ભૂખ્યા સૂઈ રહેવું પડતું અને અભાવો વેઠવા પડતા.

કરુણામૂર્તિ ભગવાન મહાવીરે વિચાર્યું કે, સકડાલનો આ ભ્રમ દૂર કરવો જ જોઈએ. તેમણે સકડાલને પૂછયું, “ભાઈ સકડાલ ! તમે માટીનાં વાસણ કેવી રીતે બનાવો છો ?”

સકડાલે નમ્ર ભાવે કહ્યું; “પ્રભુ ! પ્રારબ્ધવશ હું સીમમાંથી માટી ખોદી લાવું છું. માટીને ચાળી, ખૂંદી પછી તેના પિંડ તૈયાર કરું છું. પછી એ પિંડને ચાકડા પર ચડાવી હાથથી તેને જેવો ઘાટ આપવો હોય તે આપી છેલ્લે નીંભાડામાં અગ્નિથી તપાવીને પાકાં કર્યાં પછી બજારમાં વેચું છું... પણ આ બધું જ ભાગ્યને અધીન થાય છે, આપણે તો માત્ર નિમિત્ત છીએ.”

ભગવંતે પૂછ્યું; “ધારો કે કોઈ માણસ ડાંગના ઘા ઝીંકી તમારાં વાસણો તોડી નાખવા પ્રયાસ કરે તો તેને તમારું દુર્ભાગ્ય સમજીને વાસણો તોડવા દો ખરા ?”

ભગવંતે વળી પૂછ્યું; “કોઈ તમારાં સ્ત્રી-બાળકો ઉપર હુમલો કરવા આવે તો ?”

સકડાલે છાતી તાણીને કહ્યું; “એમ તો કાંઈ ચૂપ રહેવાય ! ઈશ્વરે શક્તિ આપી છે, હાથ આપ્યા છે. હું પૂરી તાકાતથી હુમલાખોરનો સામનો કરું.”

હવે મહાવીર સ્વામીએ મર્માળુ હસીને ગંભીર સ્વરે કહ્યું; “ભાઈ ! ઈશ્વરે તમને હાથ-પગ આપ્યા, શક્તિ આપી, વાસણ ઘડવાની બીજાથીય વિશેષ સૂઝ અને હુન્નર આપ્યાં. વિધાતાએ તો તમને આટલું બધું આપી દીધું છે. તેને વિધાતાના આશીર્વાદ સમજી તેનો યોગ્ય ઉપયોગ કરી તમારો ધંધો વિકસાવવાનો પ્રયત્ન કરવાની ફરજ તમારી છે. યાદ રાખો, ભાગ્યનું બહાનું તો આળસની નિશાની છે. તમારી આળસને ઢાંકવા ભાગ્યને દોષ શા માટે આપો છો ? મનુષ્ય યત્ન કરે તો જ ઈશ્વરની કૃપા મળે.”

સકડાલ ભગવંતના શબ્દોનો મર્મ પારખી ગયો. તે દિવસથી જ તેણે ભાગ્યવાદીપણું છોડી પૂરી મહેનત અને લગનથી ધંધાના વિકાસ તરફ ધ્યાન લગાવ્યું... અને તેના કર્મયોગે નસીબનાં દ્વાર ખોલી નાખ્યાં !